# અદાણી સ્કીલ ડેવલપમેન્ટના તારાંકિત પ્રશ્ન બાબતે ટુંકી નોંધ

1. સંતશ્રી રવિદાસ હાઇસ્કીલ તાલીમ યોજના અંતર્ગત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા વર્ષ: ૨૦૧૭ માં જીટકો મારફતે ઇ– ટેન્ડરીંગ પધ્ધતિથી ૧૫ એજન્સીઓ પસંદ કરી તાલીમાર્થી દીઠ સરેરાશ રૂ.૨૧,૬૦૦/– ના દરે તાલીમ આપવામાં આવતી હતી.
2. સંત શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ યોજના અંતર્ગત એસીબી કચેરીને સાબરકાંઠા જિલ્લામાં ચાલતા તાલીમ વર્ગોમાં **ડમી વિદ્યાર્થીઓ દર્શાવીને બીલ રજૂ કરેલ હોવાની અનિયમીતતા** બાબતની ફરિયાદ મળેલ હતી.
3. જે સંદર્ભે એસીબી દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ ના રોજ નાયબ નિયામકશ્રીની કચેરી, જિ.સાબરકાંઠા ખાતે સર્ચ ઓપરેશન દરમ્યાન, સંસ્થાઓ દ્વારા તાલીમાર્થીઓના ખોટા દસ્તાવેજો તથા તાલીમાર્થીઓની ખોટી ફિંગર પ્રિન્ટ રજુ કરી ૧૦૦% બીલના નાણા મેળવવા માટે ખોટા દસ્તાવેજો કચેરી અધિક્ષક દ્વારા રજુ કરતાં હોવાનું ધ્યાને આવેલ.
4. આથી, એસીબી કચેરી દ્વારા તપાસની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. અન્ય સંસ્થાઓ પણ આ જ ધોરણો મુજબ કામગીરી કરતી હોઇ, અન્ય ૧૪ સંસ્થાના તાલીમ વર્ગો પણ સ્થગિત કરવામાં આવેલ. જવાબદાર અધિકારી/કર્મચારી વિરૂધ્ધ એ.સી.બી. જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ કરાયેલ હતી.
5. દરમિયાનમાં વર્ષ: ૨૦૧૮માં અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાની અનુસૂચિત જાતિના ઉમેદવારોને તાલીમ આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી.
6. દરખાસ્તની ચકાસણી કરતા નીચે મુજબની બાબતો ધ્યાને આવી હતી.

   - અદાણી ફાઉન્ડેશન ભારતના લગભગ 12 રાજ્યોમાં અસ્તિત્વ ધરાવતી સંસ્થા હતી.
   - અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા અમદાવાદ, સુરત અને કચ્છ જિલ્લા ખાતે તાલીમ વર્ગો ચલાવતી હતી. વધુમાં અદાણી ફાઉન્ડેશન 2012 થી તેના ટ્રસ્ટ, અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ કોર્સ ચલાવી 2500 થી વધુ ઉમેદવારોને અગાઉ તાલીમ આપી ચૂકેલ હતી.
   - અદાણી ફાઉન્ડેશન એ નફો નહિં કરતી (Non Profit) સંસ્થા હોવાથી તથા અદાણી ફાઉન્ડેશને વર્ક ઓર્ડર આપવાથી થનાર કુલ ખર્ચના ૨૫% રકમ CSR ફંડમાંથી વાપરવાની સંમતિ આપેલ હતી.
   - સરકારશ્રીને ૭૫% લેખે એક તાલીમાર્થી દીઠ માત્ર રૂ.૧૫,૦૦૦/–તાલીમ ખર્ચ ભોગવવાનો થતો હતો. આમ, સરકારશ્રીને એક તાલીમાર્થી દીઠ રૂ.૫૬૦૦/– સરકારી તિજોરી પર બોજ ઓછો થતો હતો.

- આમ, સરકારશ્રીના ઓછા ખર્ચે વધુમાં વધુ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને લાભ આપી શકાય તે આશયથી અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાની ઉપરોક્ત ક્ષમતાઓને ધ્યાને લઈ સંસ્થાને વર્ષ:- ૨૦૧૮-૧૯માં રૂ. ૧૯૮.૦૦ લાખના ખર્ચે ૧૩૨૦ તાલીમાર્થીઓને તાલીમ આપવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરને કૂલ ૬૫૦ લાભાર્થીઓ માટે રૂ.૫૭.૮૮ લાખ ની રકમ ચુકવવામાં આવેલ છે. અર્થાત્ સદર સેન્ટરને કરેલી કામગીરી માટે જ ચુકવણું કરવામાં આવેલ છે. વધુમાં ઉક્ત સંસ્થા દ્વારા અધુરી રખાયેલ તાલીમના અનુસંધાને સંસ્થા દ્વારા જમાં કરાયેલ રૂ.૨૪.૦૦ લાખની બેંન્ક ગેરંટી જપ્ત કરવામાં આવેલ છે.

****************************************

# અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સંસ્થાને સોંપવામાં આવેલ કામગીરી તથા ચુકવણાની વિગતો

| વર્ષ | લક્ષ્યાંક | કરારની રકમ (રૂ.લાખમાં) | ચૂકવેલ રકમ (રૂ.લાખમાં) | કુલ પ્રવેશ પામેલ તાલીમાર્થી | તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થી | તાલીમ અધૂરી રહેલ તાલીમાર્થી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| **૨૦૧૮-૧૯** | **૧૩૨૦** | **૧૯૮.૦૦** | **૦** | **૧૨૦** | **૧૨૦** | **૦** | અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા અપાયેલ તાલીમ ઉપરાંત **EDII સંસ્થા મારફત ૯૦૦ તાલીમાર્થીઓને તાલીમ** |
| **૨૦૧૯-૨૦** | **૮૦૦૦** | **૧૨૦૦.૦૦** | **૫૭.૮૮** | **૧૨૧૯** | **૫૩૦** | **૬૮૯** | અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા અપાયેલ તાલીમ ઉપરાંત **EDII સંસ્થા મારફત ૩૩૨૦ તાલીમાર્થીઓને તાલીમ** |

***************************************************